G03 - નવેમ્બર 2025

મુનિ સેવા આશ્રમ, ગોરજ નું પોતીકું

# अनुसंधान

## શ્રદ્ધા, સંકલ્પ, સમર્પણ, સ્નેહ, સેવા અને સહયોગનું સરવૈયું



સંસ્થાપક
પૂજ્ય શ્રી અનુબેન ઠક્કર

મુનિ સેવા આશ્રમ



અધ્યક્ષ
ડૉ વિક્રમ પટેલ



માત્ર નૈતિક મૂલ્યોની સારપ આ મૂલ્યોને વરેલા સંસ્થાનને ઝળહળવાનું એકમાત્ર કારણ નથી હોતું. તેની પાછળ આ મૂલ્યોનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે મથતાં સમર્થ લોકોની તપશ્ચર્યાનું પીઠબળ પણ હોય છે જેનો પુણ્યપ્રભાવ,યશ અને કીર્તિ સંસ્થાનને પોષે છે.

# મુનિ સેવા આશ્રમની દિવાળી : ઉજાસ, ઉલ્લાસ અને ઉત્સવ



રંગબેરંગી રંગોળીઓથી લઈને ઝગમગતાં દીવડાઓ સુધી, આસોપાલવના તોરણથી આશ્રમવાસીઓનાં હૃદયના તાર સુધી - આશ્રમનો દરેક ખૂણો આનંદ - ઉલ્લાસથી છલકતો હતો.



# ઉત્સવનો માહોલ ખીલ્યો!



સ્ટુડન્ટ નર્સીસ એસોસિએશન દ્વારા આયોજિત, તાજેતરમાં ઉજવાયેલા "કલારંગ – 2025" દરમિયાન આપણાં ઇન્સ્ટિટ્યૂટ ઓફ નર્સિંગનું કેમ્પસ રંગો, સર્જનાત્મકતા અને આનંદથી જીવંત બની ઉઠ્યું.



વિદ્યાર્થીઓએ મહેંદી, પોટ ડેકોરેશન, કાર્ડ મેકિંગ, અને દીવા ડેકોરેશન જેવી પ્રવૃત્તિઓ દ્વારા તેમની કલાત્મક પ્રતિભાનું પ્રદર્શન કર્યું.








ગુજરાત નર્સિંગ કાઉન્સિલે દ્વિતીય વર્ષ ANM પરીક્ષાના પરિણામો જાહેર કર્યા છે, અને અમને જણાવતા આનંદ થાય છે કે મુનિ સેવા આશ્રમની ઇન્સ્ટિટ્યૂટ ઓફ નર્સિંગના તમામ 15 વિદ્યાર્થીઓએ સફળતાપૂર્વક પરીક્ષા પાસ કરીને 100% પરિણામ હાંસલ કર્યું છે. વિદ્યાર્થીઓ અને ફેકલ્ટીસ ને તેમના સમર્પણ અને મહેનત બદલ ખૂબ ખૂબ અભિનંદન!















કહેવાય છે કે ભૂખ્યા ને રોટલો અને રઝળતા ને ઓટલો આપવો તે ઉમદા કાર્ય છે પરંતુ એથીયે ઉત્તમ તેઓ રોજ રોટલો અને ઓટલો રળી સન્માનનીય જીવન જીવી શકે તેવું કોઇ શિક્ષણ, હુન્નર કે વ્યવસાય પામે તે છે. શિક્ષણ , સ્વાસ્થ્ય , સામાજિક - આર્થિક - આધ્યાત્મિક ઉત્થાન અને સંભાળ તેમજ પર્યાવરણ સંતુલનના વિવિધ આયામો દ્વારા સશક્તિકરણ થકી વંચિતોને પરાધીનતામાંથી સ્વાવલંબન તરફ, પીડા થી સુખ તરફ અને અંધકારમાંથી પ્રકાશ તરફ લઇ જવા એ જ ખરા અર્થમાં જીવન પરિવર્તિત કરે છે. આવું સશક્તિકરણ આપણા દેશના ઘણા ઊંડા સામાજિક અને આર્થિક પડકારોને હલ કરી શકે છે. મુનિ સેવા આશ્રમ આ પથ પર ચાલતી દરેક સંસ્થા પ્રત્યે સમર્થન અને સદ્ભાવ સાથે જોડાવા પ્રતિબદ્ધ છે.





સમાજને છેવાડે વસતા, વિચરતી અને વિમુક્ત સમુદાયના - તકવંચિત સમાજના લોકોની દોઝખ ભરેલી જિંદગીમાં શિક્ષણ અને સ્વાવલંબનની લાકડીથી ટેકો આપી તેમને શાતા આપવાના અને બાળકોને જ્ઞાનની પાંખે આકાશ ઓળંગવાની તક આપવાના પ્રયાસમાં કાર્યરત એવી સંસ્થા એટલે મિત્તલબેન પટેલની VSSM. આજે આપણે VSSM અને MSAના સહયોગથી મળેલાં નાનકડા પરિણામ વિષે વાત કરવાની છે જેની નાયિકાઓ છે દ્રષ્ટિ અને દીપિકા નામની બે દીકરીઓ.

**દ્રષ્ટિ બજાણીયા**

સુરેન્દ્રનગર જિલ્લાના વણોદની દ્રષ્ટિનું બાળપણ રોજિંદા સંઘર્ષ અને મુશ્કેલીઓથી ભરેલું હતું. પિતાની દારૂની લત અને અતિ મર્યાદિત સંસાધનો વચ્ચે પણ તેની માતા દૈનિક વેતન પર કામ કરી પરિવારને ટકાવી રાખવા અને પોતાનાં બાળકોના શિક્ષણ અને સ્થિરતાના સપનાને પોષવા માટે અથાક મહેનત કરતી હતી. પોતાના બાળકોને ઉજ્જવળ ભવિષ્ય આપવાના નિશ્ચય સાથે, તેમણે લગભગ નવ વર્ષ પહેલાં એક દૂરંદેશીભર્યો નિર્ણય લીધો અને બાળકોને શ્રી મિત્તલબેન પટેલના નેતૃત્વ હેઠળના વિચરતા સમુદાય સમર્થન મંચ (VSSM) ના આવાસીય શિક્ષણ સંકુલમાં મૂકવાનો. અહીં દ્રષ્ટિનું 12માં ધોરણ સુધીનું શિક્ષણ પૂરું થયું.



**દીપિકા બજાણીયા**

બનાસકાંઠા જિલ્લાના ધાનેરાની દીપિકાના માતા-પિતા ઘરોને રંગીને અને કટલરી વેચીને આજીવિકા કમાતા હતા. મર્યાદિત સંસાધનો વચ્ચે પણ પોતાના બાળકોના સારા ભણતર અને ગરીમાસભર જીવનનું અચલ સ્વપ્ન તેમને શ્રી મિત્તલબેન પટેલની દેખરેખ હેઠળના VSSMના આવાસીય શૈક્ષણિક સંકુલ પ્રતિ દોરી ગયું. અહીં દીપિકાનું 12માં ધોરણ સુધીનું શિક્ષણ પૂરું થયું.

ધોરણ 12 પૂર્ણ કર્યા પછી, VSSMના સહયોગથી દ્રષ્ટિ અને દીપિકા બંનેને આપણાં મુનિ સેવા આશ્રમનાં નર્સિંગ સંસ્થાન માં પ્રવેશ મળ્યો. આજે, આ બંને દીકરીઓ જનરલ નર્સિંગ એન્ડ મિડવાઇફરી (GNM) ના અભ્યાસક્રમમાં ભણી રહી છે. આશ્રમમાં, તેમને માત્ર શિક્ષણ જ નહીં પણ આત્મગૌરવ, કરુણા અને જીવનની યોગ્ય દિશા પણ મળી છે. આત્મવિશ્વાસથી ભરપૂર આ બંને દીકરીઓનું સ્વપ્ન હવે સરકારી હોસ્પિટલોમાં જોડાઇ — ગૌરવપૂર્ણ આજીવિકા કમાવવાનું અને તેમના વ્યવસાય દ્વારા સેવા ચક્રને ચાલુ રાખવાનું છે.

આ બંને બાહોશ દીકરીઓ તેમના સમુદાયની પ્રથમ શિક્ષિત પેઢીનું પ્રતિનિધિત્વ કરે છે — જે અન્ય ઘણા લોકો માટે શિક્ષણના પ્રકાશ થકી પરિવર્તનની દીવાદાંડી સાબિત થશે. અત્યાર સુધી, VSSMના ત્રણ વિદ્યાર્થીઓએ મુનિ સેવા આશ્રમમાં નર્સિંગ તાલીમ પૂર્ણ કરી છે અને હવે સરકારી અને કોર્પોરેટ હોસ્પિટલોમાં માનભેર સેવા આપી રહ્યા છે, જ્યારે અન્ય નવ વિદ્યાર્થીઓનો અભ્યાસ હાલમાં ચાલુ છે જે તેમની પ્રગતિ અને આત્મગૌરવનો માર્ગ પ્રશસ્ત કરશે.

શિક્ષણ થકી સ્વાવલંબનની આ યાત્રા કપરી હોઈ શકે છે, પરંતુ જ્યારે એક પેઢી શિક્ષણ પામશે પછી માર્ગ સરળ થશે, સમગ્ર સમુદાય જાગૃત થશે અને સમાજ પોતે જ પરિવર્તિત થશે.સાચેજ, અસમાનતાને દૂર કરવા અને માનવીય ગૌરવને પુનઃસ્થાપિત કરવા માટે શિક્ષણ સૌથી શક્તિશાળી સાધન છે.

VSSM અને MSAની આ ભાગીદારી સેવાના પવિત્ર ક્ષેત્રમાં અને વંચિતોના ઉત્થાનમાં, ચમત્કારોનું સર્જન કરતી સાબિત થઇ છે. સાથે મળીને, હાથમાં હાથ નાખીને, ખભે ખભા મેળવીને સ્વસ્થ, સ્વાવલંબી, સક્ષમ સમાજની સંરચનાનું સંયુક્ત સ્વપ્ન આમ પૂરું થઇ રહ્યું છે તેનો અમને રાજીપો છે.





The journey of Drashti and Deepika reflects the spirit of hope and perseverance that education can ignite. At VSSM, we have witnessed how opportunities can transform lives, leading families from struggle to dignity. **Our heartfelt gratitude to *Muni Seva Ashram* for their unwavering support and compassion in nurturing these young dreams**. Together, we continue to light the path toward a brighter, more equitable future.

**Mittal Patel**
Founder, Vicharta Samuday Samarthan Manch (VSSM)
Ahmedabad



## મુનિ સેવા આશ્રમના વ્યવસાયલક્ષી તાલીમ કેન્દ્ર VTC ની ગૌરવપૂર્ણ વાત !



ઉચ્ચ ગુણવત્તાની ટેકનિકલ તાલીમ અને ઉદ્યોગમાં મજબૂત પ્રતિષ્ઠા ધરાવતા આપણાં VTC ખાતે તાજેતરમાં મંજુસરની Accu-Fix Precision Toolsના પ્રોડક્શન હેડ દ્વારા કેમ્પસ પ્લેસમેન્ટ ડ્રાઇવ યોજાઈ જે અંતર્ગત ફીટર અને સીએનસી ટ્રેડના કુલ 43 વિદ્યાર્થીઓનાં ઇન્ટરવ્યુ લેવામાં આવ્યા અને તમામ 43 પસંદ થયા.



આજ રીતે આદિત્ય બિરલા PCLમાં પણ ઇન્ટરવ્યુ આપેલ તમામ વિદ્યાર્થીની પસંદગી થઇ ગઈ અને તમામને જોબ ઓફર કરવામાં આવી.




આ 100% પ્લેસમેન્ટ સફળતા આપણાં VTCની શિસ્તબધ્ધ તાલીમ, ઉદ્યોગસંગત પાઠ્યક્રમ અને ગુણવત્તાયુક્ત માર્ગદર્શનનો જીવંત પુરાવો છે – જે વિદ્યાર્થીઓને આત્મનિર્ભરતા અને આત્મવિશ્વાસ સાથે સતત આગળ વધવા પ્રેરિત કરે છે.

# મુનિ સેવા આશ્રમ: સેવાની સાથે સલામતીનો સંકલ્પ




મુનિ સેવા આશ્રમ માત્ર એક સંસ્થા નથી, પણ હજારો લોકો માટે સેવા અને સમર્પણનું પવિત્ર સ્થાનક છે. અહીં કામ કરતા દરેક કર્મચારી, સ્વયંસેવક અને મુલાકાતી આ આશ્રમના મૂલ્યોને પ્રતિબિંબિત કરે છે. સેવાના આ પવિત્ર કાર્યમાં, આપણું પોતાનું અને અન્યનું જીવન પણ એટલું જ મૂલ્યવાન છે.
આવો આપણે સહુ માર્ગ સલામતી (Road Safety) ને આપણી દૈનિક જવાબદારીનો એક અભિન્ન ભાગ માનીએ અને નીચે આપેલા દરેક નિયમનું ચુસ્તપણે પાલન કરીએ.

| ક્રમ | નિયમ/મુદ્દો | પાલન માટેની સ્પષ્ટતા |
|---|---|---|
| ૧ | હેલ્મેટ અને સીટ બેલ્ટનું અનિવાર્ય પાલન | **બાઇક/સ્કૂટર ચલાવતી વખતે હંમેશાં ISI માર્કાવાળું હેલ્મેટ પહેરવું.** ચાર-પૈડાંવાળા વાહનમાં **ડ્રાઇવર અને આગળની સીટ પર બેઠેલા વ્યક્તિ** માટે સીટ બેલ્ટ બાંધવો અનિવાર્ય છે. |
| ૨ | ગતિ મર્યાદા (Speed Limit) | આશ્રમની આસપાસના તેમજ જાહેર માર્ગો પર નિયત કરેલી ગતિ મર્યાદામાં જ વાહન ચલાવવું. **ખાસ કરીને શાળા, હોસ્પિટલ અને વળાંક પર ઝડપ ઓછી રાખવી.** |
| ૩ | વાહન દસ્તાવેજોની ચકાસણી | ડ્રાઇવિંગ લાયસન્સ (DL), રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ (RC), PUC સર્ટિફિકેટ અને વીમો (Insurance) હંમેશાં સાથે રાખવા અને તેમની **સમયસરની માન્યતા (Validity) તપાસતા રહેવું.** |
| ૪ | ડ્રાઇવિંગ દરમિયાન ધ્યાન | ડ્રાઇવિંગ કરતી વખતે **મોબાઇલ ફોનનો ઉપયોગ સદંતર ટાળવો.** વાત કરવી કે મેસેજ કરવાથી ધ્યાન ભટકાય છે અને અકસ્માત થવાની સંભાવના વધે છે. |
| ૫ | ટ્રાફિક સંકેતો અને સિગ્નલનું પાલન | રોડ પરના તમામ ટ્રાફિક લાઇટ, નિશાનીઓ (Signs) અને માર્ગરેખાઓ (Lane Markings) નું સન્માનપૂર્વક પાલન કરવું. **લાલ લાઇટ એટલે ઊભા રહેવું.** |
| ૬ | નશાની હાલતમાં ડ્રાઇવિંગ ટાળવું | કોઇ પણ પ્રકારનો નશો કરીને વાહન ચલાવવું એક ગંભીર ગુનો છે, અને તે **તમારા તથા અન્યના જીવનને જોખમમાં મૂકે છે.** |
| ૭ | રાત્રે ડ્રાઇવિંગ | રાત્રિના સમયે ધીમે વાહન ચલાવવું અને **હાઇ બીમ (High Beam) નો ઉપયોગ માત્ર જરૂર હોય ત્યારે જ કરવો.** સામેથી આવતા વાહનને તકલીફ ન પડે તેનું ધ્યાન રાખવું. |
| ૮ | ટુ-વ્હીલર પર ત્રિપલ સવારી ટાળવી | મોટરસાઇકલ કે સ્કૂટર પર **બે કરતાં વધુ વ્યક્તિઓને બેસાડવા નહીં.** તે ટ્રાફિક નિયમનો ભંગ છે અને અસુરક્ષિત પણ છે. |
| ૯ | યોગ્ય અંતર જાળવવું (Maintaining Distance) | આગળના વાહનથી હંમેશાં સુરક્ષિત અંતર જાળવવું, જેથી અચાનક બ્રેક મારવાની જરૂર પડે તો પૂરતો સમય મળી રહે. |
| ૧૦ | વાહનની નિયમિત જાળવણી | તમારા વાહનના **બ્રેક, ટાયર પ્રેશર, હેડલાઇટ અને હોર્ન** નિયમિતપણે તપાસતા રહેવું, જેથી કોઇ તકનીકી ખામી ન આવે. |

**યાદ રાખીએ :**

**સગીર સંતાનને વિના લાઈસન્સે વાહન આપ્યું તો વાલી દંડાઈ શકે છે અને વાહન જપ્ત થઇ શકે છે.**

# આપણે શા માટે નિયમોનું પાલન કરવું જોઈએ?




- **જીવનનું મૂલ્ય:** આ નિયમોનું પાલન માત્ર દંડથી બચવા માટે નથી, પરંતુ આપણા અને આપણા પ્રિયજનોના **અનમોલ જીવનને સુરક્ષિત રાખવા** માટે છે.
- **સંસ્થાનું પ્રતિબિંબ:** મુનિ સેવા આશ્રમમાં કામ કરતા દરેક કર્મચારી સમાજ માટે **રોલ મોડેલ** છે. જો આપણે નિયમોનું પાલન કરીશું, તો અન્ય લોકોને પણ પ્રેરણા મળશે.
- **સુરક્ષિત વાતાવરણ:** આશ્રમની આસપાસ રહેતા બાળકો, દર્દીઓ અને વડીલો માટે સુરક્ષિત વાતાવરણ બનાવવાની આપણી નૈતિક જવાબદારી છે.

આપણે સૌ પ્રતિજ્ઞા લઈએ કે, આજથી દરેક મુસાફરી માર્ગ સલામતીના નિયમોના સંપૂર્ણ પાલન સાથે જ કરશું અને કાયમ યાદ રાખશું કે, રસ્તા પર આપણું દરેક જાગ્રત પગલું અન્ય કોઈનું જીવન બચાવી શકે છે.

# મુનિ સેવા આશ્રમની આવાસીય શાળાઓમાં બાળકોનું પુનઃ સ્વાગત છે !

દિવાળીના દીવડાંનો ઝળહળાટ હવે ભલે આછો થયો હોય, પણ બાળકોના કિલકિલાટથી ગુંજી ઉઠેલા આપણા શાળા પરિસરો રૂપે એક નવો, તેજસ્વી પ્રકાશ પાછો ફર્યો છે!

રજાઓની મીઠી યાદોને સમેટીને, નવા સત્રના ઉત્સાહ સાથે બાળકો પાછા ફર્યા છે . સવારની એ પરિચિત પ્રાર્થનાની ધૂન, ભોજનખંડમાં ઉઠતી સ્વાદિષ્ટ સુગંધ, પગદંડીઓ પર પડતો પગરવ અને સૌનાં પરિચિત સ્મિતો સમગ્ર આશ્રમ અને શિક્ષણ સંકુલમાં જાણે એક નવું જીવન સિંચે છે. બાળકોના આગમનથી આશ્રમની ભૂમિ ફરી એક વાર ધમધમી ઉઠી છે.





કાચી સાંકડી કેડીઓ, ચોતરફ ગાઢ વનરાજી, અને વાહનવ્યવહારની ટાંચી વ્યવસ્થાઓ... આજે પણ આંખો મીચું તો એ દ્રશ્યો જાણે ગઈકાલની જેમ માનસપટલ પર સરતા જાય છે!

જય શ્રી કૃષ્ણ. હું, વિજય સિંધા, અહીં મારી એ યાત્રા વિશે વાત કરીશ, જેણે મારા જીવનની દિશા બદલી નાખી.

આ વાત છે લગભગ ચાળીસેક વર્ષ પહેલાંની. સન 1986માં, જ્યારે હું વડોદરામાં એક ખાનગી ક્લિનિકમાં નોકરી કરતો હતો, ત્યારે મારા ડૉક્ટર સાહેબ સાથે મને પ્રથમ વાર મુનિ સેવા આશ્રમની મુલાકાત લેવાનું સૌભાગ્ય મળ્યું. મારું મૂળ વતન આશ્રમથી થોડે દૂર ગંભીરપુરા ગામ, એટલે આશ્રમ વિશે થોડું ઘણું સાંભળેલું. કદાચ એટલે જ, ડૉક્ટર સાહેબે આ મુલાકાતમાં મને જોડે લીધેલો.

બસ, એ દિવસ મારા માટે જીવનનો ટર્નિંગ પોઇન્ટ બનીને આવ્યો.

એ દિવસે ભગવા પરિધાનમાં, નિર્મળ હૃદયના પૂજ્ય શ્રી અનુબેન સાથે પહેલવેલો પરિચય થયો. તેમની સરળતા અને સાદગી જ તેમની ઓળખાણ હતી. એ પ્રથમ મુલાકાતમાં જ પૂજ્ય શ્રી બેને અમારા સાહેબને કહી દીધું કે:

**"સાહેબ, જ્યારે પણ ભવિષ્યમાં મને આ છોકરાની જરૂર પડશે, ત્યારે તમારે મને એને સોંપવો પડશે."**

એ વખતે આશ્રમ એટલે ફક્ત એક-બે-ત્રણ ઓરડા અને એક નાની ગૌશાળા. થોડા સમય બાદ દર્દીઓની સંખ્યા અને ગામવાસીઓની વિનંતીને ધ્યાનમાં રાખીને એક નાની OPD પણ શરૂ થઈ. એ વખતે પૂજ્ય શ્રી બેને અમારા સાહેબ પાસેથી મારી માંગણી કરી, અને આ રીતે 1986થી જ આ આશ્રમ મારી કર્મભૂમિ બની ગયો.

એ સમયની વાત કરું તો, અહીં ડૉ. વિક્રમ સર અને બીજા એક ડૉક્ટર બધા દર્દીઓને તપાસતા. મારું કામ કેસ કાઢવાનું, દવાઓ આપવાનું, ડ્રેસિંગ કરવાનું, ઇન્જેક્શન તૈયાર કરવાનું, સ્ટોક ચેક કરવાનું, વગેરે રહેતું. આ બધું જ અમે કરતા. વાહન સુવિધાઓ નહોતી; ખાલી બસ એકાદ વાર જ મળતી. એટલે મોટાભાગના દર્દીઓ બળદગાડાંમાં આવતા. અને એ વખતે આશ્રમની OPDમાં કેસ કઢાવવાની ફી હતી માત્ર દસ પૈસા! કમ્પ્યુટર નહોતા એટલે બધું જ કામ હાથે કરતા અને બધું હાથવગું રાખતા. આજની પેઢીને કદાચ આ વાત માનવામાં ન આવે.

ધીરે ધીરે સ્ટાફ વધતો ગયો, નાના ઓપરેશન ચાલુ થયા, મશીનો આવ્યા અને અમે બધા જ મશીનો ઓપરેટ કરતા પણ થઈ ગયા. ત્યાર પછીના પંદર વર્ષ મેં ઓપેરશન થિયેટર મેનેજ કરવાનું કામ કર્યું. અહીંનું વાતાવરણ, સાદગી, આશ્રમની સેવા પ્રવૃત્તિ, પૂજ્ય શ્રી બેનનો ભાવ અને ડૉ. વિક્રમ સરના સમર્પણે મને પણ એના રંગે રંગી દીધો.

અમે સવારે સાત વાગે આવીને પૂ. બેનના સાનિધ્યમાં થતી નિત્યપ્રાર્થનામાં શામિલ થતા, ત્યાર બાદ થોડી વાર શ્રમ કાર્ય કરીને અમારું રોજિંદું કામ ચાલુ થતું. બેન અને સાહેબ અમને જે પણ કામ આપતા એ બધું જ અમે કરતા. આજે પણ અહીં એ જ વિચારધારાથી લોકો કામ કરે છે. સાહેબની આજ્ઞા એ જ અમારી જવાબદારી. પૂજ્ય શ્રી બેનની એક વાત મારા માટે હંમેશા મંત્ર બની રહી છે:

**"સેવા નું કામ સમજીને અહીં બધા કામ કરવાના, નોકરી નું કામ સમજી ને નહિ."**

મારા કાર્યકાળ દરમિયાન મેં OT ઇન્ચાર્જ, ડ્રાઈવર હેન્ડલિંગ, લાયસન્સનું કામ—એમ ઘણી જુદી જુદી જવાબદારીઓ સંભાળી. અને વર્ષ 2013 થી એટલે કે છેલ્લા તેર વર્ષથી હું આશ્રમ ખાતે હાઉસ કિપિંગ ઇન્ચાર્જ તરીકે ફરજ બજાવું છું. મારા લાંબા કાર્યકાળ દરમિયાનના વિક્રમ સર અને બેન સાથેના અસંખ્ય કિસ્સાઓ અને યાદો મારા દિલ અને દિમાગમાં છપાયેલા છે. અને હા,જ્યારે પણ કોઈ માણસ આ જગ્યાની મુલાકાત લે અને અહીંના વખાણ કરે, ત્યારે મને બહુ ગર્વ થાય છે કે:

"હું પણ આ આશ્રમનો એક એવો સાક્ષી છું, જેણે આ બધું આકાર લેતા, નિર્માણ પામતા ને વિસ્તૃત થતા જોયું છે. શૂન્યમાંથી સર્જન થયેલા આ સેવાયજ્ઞનો હું દ્રષ્ટા છું."

આજનો આ આશ્રમ લીલા ઘટાદાર વૃક્ષોથી ઘેરાયેલો છે. જો કોઈ આ વાતના પણ વખાણ કરે, તો પણ અમને પાનો ચઢી જાય કે આમાંના ઘણા વૃક્ષોનું રોપણ તો અમારા હાથે જ થયેલું છે. એવી તો કેટલીય વાતો છે જેના અમે સાક્ષી રહ્યા છીએ, અને આ વરસો જૂની એક એક હયાત વસ્તુઓ અમને ભૂતકાળના સંસ્મરણો તાજા કરાવે છે. પૂજ્ય શ્રી અનુબેન અને વિક્રમ સાહેબ મારા આ જીવન ઘડતરના મુખ્ય પ્રેરણાસ્ત્રોતો છે, જે હજુ પણ નિરંતર માર્ગદર્શન પૂરું પાડતા રહે છે. અહીં હું આટલી ફરજ બજાવી શક્યો એ મારું જ સૌભાગ્ય માનું છું.

મારા પછીની પેઢી પણ અહીં મારા પગલે ચાલી રહી છે, એનો મને આનંદ અને સંતોષ છે. આ અનુભવ શાબ્દિક રીતે વર્ણવવો અઘરો છે.

હું અનુબેન અને વિક્રમ સરનો હંમેશા આભારી છું અને રહીશ, અને એટલો જ આ આશ્રમનો, કે જેણે મને રોજીરોટીની સાથે સાથે જીવનનો સાચો ઉદ્દેશ્ય ને સિદ્ધાંતોની પરિભાષા સમજાવી.આજની આ મોડર્ન જીવનશૈલીવાળા જમાનામાં, મુનિ સેવા આશ્રમ પરોપકારની ભાવનાનું શ્રેષ્ઠ ઉદાહરણ પૂરું પાડે છે.

આભાર અનુસંધાન, મારા અનુભવો અને લાગણીઓને આશ્રમ પરિવારની સમક્ષ દર્શાવવાની તક આપવા બદલ.

**જય શ્રી કૃષ્ણ.**




આશ્રમ પરિવારના સ્નેહી સ્વજનો, કર્મયોગીઓ અને 'અનુસંધાન' ને માતૃભાષામાં માણવા ઉત્સુક તમામ વાચક મિત્રો...

આપ સૌની લાગણી અને માગણીને માન આપીને તૈયાર થતા 'અનુસંધાન' ના આ ગુજરાતી સંસ્કરણને જે સ્નેહ અને વિશેષ સહભાગિતા પ્રાપ્ત થઇ રહી છે, તે બદલ અમે આપના હૃદયપૂર્વક આભારી છીએ.

આ સરાહનાના શુભ ટાણે આપની સમક્ષ એક નમ્ર વિનંતી મૂકવી છે:

અમે સતત એ પ્રયાસમાં રહીએ છીએ કે આ ગુજરાતી સંસ્કરણમાં શક્ય તેટલી ભાષા શુદ્ધતા અને વ્યાકરણના નિયમોનું પાલન થાય. છતાંય, માનવીય ભૂલો અને અજ્ઞાનને કારણે તેમાં ક્ષતિઓ રહી જતી હોય છે. એવા સમયે, આપ સૌને અમારી નમ્ર વિનંતી છે કે કૃપા કરીને શબ્દોની શુદ્ધિ કે વ્યાકરણની ત્રુટિઓ પર ધ્યાન આપવાને બદલે, તે લખાણના મૂળ ભાવ અને સંદેશ પર ધ્યાન કેન્દ્રિત કરશો.

અમારું વચન છે કે અમે દિન-પ્રતિદિન આ ગુણવત્તાને સુધારવા માટે અમારા શ્રેષ્ઠ પ્રયાસો મૂકતા રહીશું.

**સહકાર બદલ આભાર!**



# સુરીલા સંગીતનો સથવારો :



મુનિ સેવા આશ્રમના શૈક્ષણિક સંસ્થાઓના વિદ્યાર્થીઓ, કર્મચારીઓ અને વાનપ્રસ્થ મંદિરના વડીલોએ તાજેતરમાં વડોદરાના મેઘદૂત ક્લબ દ્વારા રજૂ કરાયેલ ભાવસભર સંગીત કાર્યક્રમનો આનંદ માણ્યો. બૉલીવુડના હિન્દી ગીતોથી સજ્જ આ કાર્યક્રમમાં સૌને અવિસ્મરણીય સંગીતયાત્રાનો અનોખો આનંદ મળ્યો. આશ્રમ પરિવારના વધુમાં વધુ સભ્યો આ પ્રસંગમાં જોડાઈ શકે તે માટે બે સત્રોનું આયોજન કરવામાં આવ્યું હતું - પહેલું સવારે 10 થી બપોરે 1 વાગ્યા સુધી અને બીજું બપોરે 3 થી સાંજે6 વાગ્યા સુધી.

**આ હૃદયસ્પર્શી પહેલ આપણા આશ્રમ પરિવારના દાતા અને શુભચિંતક, નોર્થ કેરોલિનાના ફ્યુક્વે વરિના નિવાસી શ્રી કનુભાઈ પટેલ તથા તેમની ત્રણ પુત્રીઓના આશ્રમ પ્રત્યેના સ્નેહના ફળસ્વરૂપ હતી.** આશ્રમ પરિવાર પ્રત્યેના પ્રેમથી પ્રેરાઈ, તેમણે ભાવપૂર્વક બંને સત્રોને પ્રાયોજિત કર્યા અને એક સામાન્ય દિવસને યાદગાર ઉત્સવમાં ફેરવી દીધો.

વિભાજન અને અંતરથી ભરેલી આ દુનિયામાં, આવા સ્નેહસભર કાર્યો આપણને યાદ અપાવે છે કે પ્રેમ, કરુણા અને માનવતા કદી સીમાઓમાં બંધાતાં નથી.

સંગીત અને આનંદના સૂરોથી આશ્રમને પ્રફુલ્લિત કરવા બદલ આશ્રમ પરિવાર હૃદયપૂર્વક શ્રી કનુભાઈ પટેલ અને તેમના પરિવારનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરે છે.


















***Muni Seva Ashram***

***Where sustainability isn't just a practice - it's a way of life.***

## આશા, આરોગ્ય અને આનંદની કૃતજ્ઞતાના દીવડા



મુનિ સેવા આશ્રમ દ્વારા સંચાલિત આપણી કૈલાસ કેન્સર હોસ્પિટલ કેન્સર સામે લડી રહેલા લાખો દર્દીઓ માટે સાચા અર્થમાં આશાનું કિરણ બનીને ઊભી છે. કેન્સર સારવારની લગભગ તમામ (સર્વગ્રાહી) પદ્ધતિઓ એક જ છત નીચે ઉપલબ્ધ કરાવી, હોસ્પિટલે અત્યાર સુધીમાં 34 લાખથી વધુ દર્દીઓની કરુણાપૂર્વક સારવાર કરી છે.

અહીં, દર્દીઓ માત્ર ગુજરાતમાંથી જ નહીં, પરંતુ ભારતના વિવિધ ભાગો અને વિદેશથી પણ સારવાર માટે પધારે છે. કેન્સરની સારવાર ઘણીવાર કેટલાક મહિનાઓ સુધી ચાલે છે, તેથી આશ્રમ તબીબી જરૂરિયાતો ઉપરાંત 'અતિથિ મંદિર' દ્વારા દર્દીઓની ખાસ સંભાળ રાખે છે – જે એક શાંત અને આવકારદાયક નિવાસસ્થાન છે, જ્યાં આરામદાયક રહેઠાણ, પૌષ્ટિક ભોજન અને હૃદયપૂર્વકનો સહકાર આપવામાં આવે છે. અહીં દર્દીઓ અને તેમના પરિવારોને ઘરથી દૂર એક શાંતિપૂર્ણ ઘર મળે છે.



આ દેવ દીપાવલીના પવિત્ર અવસરે, મધ્ય પ્રદેશના એક દર્દી, જેમણે આપણી હોસ્પિટલ ખાતે સફળતાપૂર્વક કેન્સરની સારવાર પૂર્ણ કરી હતી, તેમણે કૃતજ્ઞતા વ્યક્ત કરવા માટે એક અત્યંત હૃદયસ્પર્શી માર્ગ અપનાવ્યો – અને આખા અતિથિ મંદિરને પ્રકાશિત કરવા માટે સુંદર દીવડા ભેટ આપ્યા.

દેવદિવાળીની એ શુભ સંધ્યાએ જ્યારે આ દીવડા પ્રગટ્યા, ત્યારે આખું પરિસર કૃતજ્ઞતાના પ્રકાશ અને હૂંફાળી ઊર્જાથી ભરાઇ ગયું.

આવો, આપણે સૌ તેમના માટે સારા સ્વાસ્થ્ય, સુખ અને પ્રકાશથી ભરપૂર જીવનની શુભેચ્છાઓ પાઠવીએ.

**તથાગતને કોઈક વિરોધીએ ભિક્ષામાં એક કેરીનો ગોટલો આપ્યો.સમસ્ત શિષ્યગણ આશ્ચર્યચકિત થઈ ગયો. થોડા શિષ્યો આઘાત પણ પામ્યા... પરંતુ તથાગત પ્રસન્નચિત્તે ભિક્ષા સ્વીકારી આશીર્વચન કહી પાછા વળ્યા.**

**સ્થાનકે જઈ તે ગોટલો શિષ્યોને વારાફરતી આપ્યો. કોઈ કશું જ બોલતું ન હતું. શિષ્યો કંઈ જ સમજી ન શક્યા. છેવટે ભગવાનના પ્રથમ શિષ્યગણમાંના એક એવા સરીપુત્તના હાથમાં તે ગોટલો આવ્યો. તેઓ તેને એક ચિત્તે જોઈ રહ્યા અને તેઓના ચહેરા પર પ્રસન્ન સ્મિત આવી ગયું. તથાગત પ્રસન્ન થઈ વિરામ કરવા સિધાવ્યા**

**શિષ્યો સરીપુત્તને ઘેરી વળ્યા અને આ રહસ્યમય મૌનસંવાદનું રહસ્ય પૂછ્યું...**

**સરીપુત્તે કહ્યું – ' આ ગોટલામાં આખો આંબો છે....આ દાન આપનાર કેટલો ઉદાર અને મહાન હશે !**

नैनं छिद्रन्ति शस्त्राणि, नैनं दहति पावकः।
न चैनं क्लेदयन्त्यापो, न शोषयति मारुतः॥



**સ્વ. મહેન્દ્રભાઈ રણછોડભાઈ પરમાર**

મુનિ સેવા આશ્રમ પરિવારના આદરણીય સભ્ય અને આશ્રમમાં ડ્રાઈવર તરીકે નિષ્ઠાપૂર્વક ફરજ બજાવતા શ્રી મહેન્દ્રભાઈ રણછોડભાઈ પરમારનું તારીખ 13/11/2025 ના રોજ દુઃખદ અવસાન થયું છે.

પરમકૃપાળુ પરમાત્મા દિવંગત આત્માને શરણે લઈ શોકગ્રસ્ત પરિવારજનોને દુઃખ સહન કરવાની શક્તિ તથા ધીરજ પ્રદાન કરે, એવી હૃદયપૂર્વકની પ્રાર્થના.

ૐ શાંતિ Muni Seva Ashram ૐ શાંતિ

## પરમાત્માને કાજે ફૂલો ગૂંથવામાં આનંદ છે.






## માટી ગૂંથી પોતાનો દીવો બનાવવામાં આનંદ છે.



## સાથે બેસી ભોજન લેવામાં આનંદ છે.



આપણા આશ્રમની પ્રેરક વાતો અને સેવા પ્રકલ્પોની માહિતી દેશ વિદેશમાં પહોંચાડવા માટે આપ સૌની સહભાગિતા આવકાર્ય છે. અનુસંધાનને વધુ સારું અને અસરકારક બનાવવા માટે આપ મદદ કરશો જ તેવો અમને વિશ્વાસ છે. આપ આ વિષે અમને anusandhan@greenashram.org પર લખી શકો છો. આ સિવાય આશ્રમ વિષયક માહિતી આપણી વેબસાઈટ www.greenashram.org તેમજ આપણા ફેસબૂક અને ઇન્સ્ટાગ્રામ પેજ પર થી પણ મળી શકશે.